# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 21-07-2024** **Midday : 2.30 to 2.35**

**Day : Sunday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા

પ્રાદેશિક સમાચાર **ખ્યાતિ પુરોહિત** વાંચે છે.

---

-----------------------------------------------------------------------------------

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી પ્રાદેશિક સમાચાર પૂરા થયા)

# CM- BAGDANA

ગુરુપૂર્ણિમાનાં અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આજે ભાવનગર જિલ્લાનાં બગદાણા ખાતે આવેલા ગુરુઆશ્રમમાં દર્શન કર્યા હતા. મુખ્યમંત્રીએ સંત બજરંગદાસ બાપાનાં ગાદીસ્થળ ખાતે નાની બાલિકાઓ સાથે પૂજા-અર્ચન કરી બજરંગદાસ બાપાનાં સમાધિસ્થળનાં દર્શન પણ કર્યા હતા. આ પ્રસંગે મુખ્યમંત્રીએ દર્શને આવેલા હજારો ભક્તોને ગુરુપૂર્ણિમાની શુભેચ્છા પાઠવી હતી...

**(બાઇટ- સીએમ)**

કાર્યક્રમમાં, શ્રી પટેલે બગદાણા આશ્રમની વેબસાઇટ bagdana temple.org નું લોન્ચિંગ કર્યું હતું.

# GURUPURNIMA DIST.

રાજ્યભરમાં ગુરુપૂર્ણિમાની ધાર્મિક આસ્થા અને હર્ષોલ્લાસ સાથે ઉજવણી થઇ રહી છે. રાજ્યમાં ગુરુવંદના,પાદુકા પૂજન, ભંડારા સહિતના અનેક ધાર્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.. શક્તિપીઠ અંબાજી, પાવાગઢ, ચોટીલા, દ્વારકા, શામળાજી, બગદાણા, સાળંગપુરમાં પૂનમ નિમિત્તે ભક્તોનું ઘોડાપૂર ઉમટ્યું છે.

કેબિનેટ મંત્રી ઋષિકેશ પટેલે મહેસાણા જિલ્લામાં અનેક જગ્યાએ ગુરુપૂજન કરી સંતો- મહંતોના આશીર્વાદ મેળવ્યા હતા.

અમદાવાદના થલતેજ વિસ્તારમાં આવેલા સાંઈધામ મંદિરમાં ગુરુપૂર્ણિમા મહોત્સવ તેમજ ભંડારાનું આયોજન કરાયું હતું. તો શહેરના ઇસરો પાસે આવેલા ચિન્મય મિશન ખાતે પણ ગુરુપૂર્ણિમાની ઉજવણી કરાઇ હતી.

પાટણ જિલ્લામાં યુનિવર્સિટી રોડ પર પૂજ્ય સદારામ ચોક ખાતે ગુરુપૂર્ણિમાની ભવ્ય ઉજવણી કરવામાં આવી..

તો સાબરકાંઠા જિલ્લામાં વહેલી સવારથી જ મંદિરોમાં શ્રધ્ધાળુઓની ભારે ભીડ જોવા મળી હતી..

ઉલ્લેખનીય છે કે, ગુરુપૂર્ણિમાની પૂર્વ સંધ્યાએ રાજ્યના તમામ જિલ્લાઓમાંથી ઉત્કૃષ્ટ કામગીરી કરતા શિક્ષકોને "ગુરુ ગૌરવ એવોર્ડ"થી સન્માનિત કરવામાં આવ્યા હતા, જેમાં છોટા ઉદેપુર જિલ્લાના શિક્ષક દંપતીને પુરસ્કાર એનાયત કરાયો હતો.

## DWARKA- CHARAS

દ્વારકા જિલ્લાના સમુદ્ર વિસ્તારમાંથી ફરી નશાકારક પદાર્થ પોલીસે ઝડપી પાડ્યો છે. સમુદ્રકિનારા વિસ્તારમાં પોલીસની બાજ નજરને કારણે મોજપ ગામમાંથી મોટી માત્રામાં ચરસ ઝડપાયું હતું.. અંદાજે 24 કિલોના 21 પેકેટો પોલીસે જપ્ત કર્યા છે.. ઝડપાયેલા ડ્રગ્સની આંતરરાષ્ટ્રીય બજારમાં 11 કરોડ 84 લાખ રૂપિયાની કિંમત હોવાનો પોલીસનો અંદાજ છે.. આ અંગે પોલીસે વધુ કાર્યવાહી હાથ ધરી છે.

## SURAT- HARSH SANGHVI

ગૃહરાજ્યમંત્રી હર્ષ સંઘવીએ સુરત ખાતે જણાવ્યું છે કે, રાજ્યના ખૂણે ખૂણેથી વ્યાજખોરોને શોધીને જેલના હવાલે કરવાનું કામ પોલીસને સોંપવામાં આવ્યું છે... તેમણે કહ્યું કે, ગુજરાત એક એવુ રાજ્ય છે, જેમાં વ્યાજખોરોના ચક્કરમાં ફસાયેલાં લોકોને પોલીસે બહાર કાઢ્યા છે..

શ્રી સંઘવીએ વધુમાં જણાવ્યું હતું કે, કોઈપણ સરકારી અધિકારી કે પોલીસનો જવાન પણ વ્યાજખોરી કરતા પકડાશે, તો તેની સામે કાર્યવાહી કરવાની સૂચના આપવામાં આવી છે.. લાલગેટ પોલીસ દ્વારા ઝડપી પાડવામાં આવેલ MD ડ્રગ્સ બાબતે ગૃહરાજ્યમંત્રીએ સુરત પોલીસની કામગીરીની પ્રશંસા કરી હતી.

## COAST GUARD RESCUE

પોરબંદર નજીક પ્રતિકૂળ હવામાન વચ્ચે દરિયામાં કોસ્ટગાર્ડે એક દર્દીને બચાવીને એર લિફ્ટિંગથી દર્દીને હોસ્પિટલ પહોંચાડ્યો હતો.. દરિયાની મધ્યે એક જહાજના ક્રુ મેમ્બરને હૃદયના ધબકારા ધીમા પડવા સહિતની મેડિકલ ઇમરજન્સી ઉભી થઇ હતી..

હજીરાથી કચ્છ તરફ જતા એક જહાજમાં પોરબંદરથી ૬૦ નોટિકલ માઈલ દૂર દરિયામાં એક ક્રૂ મેમ્બરને ભારે વરસાદ જેવી પ્રતિકૂળ સ્થિતિમાં દર્દીને હોસ્પિટલે પહોંચાડવામાં આવ્યો હતો.. પોરબંદરથી ૨૦ કિલોમીટર આસપાસ કોસ્ટ ગાર્ડના એરક્રાફ્ટથી ૧૦૦ મીટર લીફ્ટિંગ કરી દર્દીને સલામત સ્થળે સ્થળે ખસેડવામાં આવ્યા હતા અને સારવાર આપવામાં આવી હતી.

# MAHISAGAR VIJ CHORI

મહીસાગર જિલ્લામાં મધ્ય ગુજરાત વીજ કંપની લિમિટેડ-MGVCLએ 15 લાખ 26 હજાર રૂપિયાની વીજચોરી પકડી છે. વીજ કંપનીએ 28 સ્ક્વૉડ બનાવી 617 વીજ જોડાણમાં તપાસ હાથ ધરી છે. દરમિયાન 68 વીજ જોડાણમાં ગેરરીતિ પકડાતા વીજ કંપનીએ વીજચોરી કરતા ગ્રાહકો સામે કાર્યવાહી હાથ ધરી છે.

# KUTCH- BHUKAMP

કચ્છ જિલ્લામાં ગઈકાલે ફરી એક વાર ભૂકંપના આંચકાઓ અનુભવાયા હતા. ગુજરાત ભૂકંપ વિજ્ઞાન કેન્દ્રના જણાવ્યા મુજબ, જિલ્લામાં ગઈકાલે સાંજે 7 વાગ્યાને 38 મિનિટે 2.6ની તીવ્રતાના ભૂકંપના આંચકા અનુભવાયા હતા. આ ભૂકંપનું કેન્દ્રબિન્દુ દુધઈથી 17 કિલોમીટર દૂર નોંધાયું હતું. આ મહિનામાં ભૂકંપનો આ સાતમો આંચકો આવ્યો હતો.